# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




**4 પ્રાંત અધિકારીઓને બે-બે તાલુકા પંચાયતના વહીવટદારની જવાબદારી સોંપાઇ**

# આણંદ જિલ્લા પંચાયત અને 8 તાલુકા પંચાયતોમાં વહીવટદારનુ શાસન શરૂ

**આણંદ જિલ્લા** પંચાયતના વહીવટદાર તરીકે આણંદ કલેકટર પ્રવિણ ચૌધરી નિયુક્તિ થયા




(પ્રતિનિધિ) આણંદ તા 17

રાજય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તા. 16થી 19 માર્ચ 2026 સુધીમાં મુદ્દત પૂર્ણ થનાર જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતોમાં સંબંધિત અધિકારીઓની જિ.પં., તા.પં.માં વહીવટદાર તરીકે નિમણૂંક કરવાનો હૂકમ પ્રસિધ્ધ કરાયો છે.જેમા આણંદની જીલ્લા પંચાયત અને આઠ તાલુકા પંચાયતનો સમાવેશ કરાયો છે.

મળતી માહિતી મુજબ આણંદ જિલ્લા પંચાયતની પાંચ વર્ષની મુદત તા. 16 માર્ચ 2026ના રોજ પૂર્ણ થઈ છે. જેથી જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે આણંદ કલેકટર પ્રવીણ ચૌધરીની નિમણૂંક કરવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લાની તમામ 8 તાલુકા પંચાયત આણંદ, ઉમરેઠ, બોરસદ, આંકલાવ, ખંભાત,તારાપુર , પેટલાદ અને સોજીત્રાની પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ થયો છે. જેથી નિયમાનુસાર વહિવટદાર નિયુક્ત કરવામાં આવ્યા છે. જેમાં પેટલાદ અને સોજીત્રા તા.પં.ના વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી પેટલાદ, ખંભાત અને તારાપુર તા.પં.માં પ્રાંત અધિકારી ખંભાત, ઉમરેઠ અને આણંદ તા.પં.માં પ્રાંત અધિકારી આણંદ તથા આંકલાવ અને બોરસદ તાલુકા પંચાયતમાં વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી, બોરસદની નિયુકિત કરવામાં આવી છે.

વહીવટદાર દ્વારા આ સમયગાળા દરમ્યાન અગાઉની ચૂંટાયેલી પાંખ દ્વારા નિયમોનુસાર મંજૂર કરાયેલ કામો તથા આવશ્યક સેવાઓ (પાણી, ગટર, વીજળી, સફાઈ વગેરે જેવા કામો) બાબતે નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે. આ સમયગાળા દરમ્યાન વહીવટદાર દ્વારા નીતિ વિષયક નિર્ણય લઈ શકાશે નહીં.

**દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વેથી ભરેલો જથ્થો કચ્છ મોકલવાનું નેટવર્ક**

# વાસદ પાસે ટેન્કરમાંથી ₹1.02 કરોડનો વિદેશી દારૂ ઝડપાયો

**લોકલ ક્રાઇમ** બ્રાંચે કુલ 1.17 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો



(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદ લોકલ ક્રાઈમ બ્રાચે નેશનલ હાઈવે નં. 48 પર વાસદ ટોલબુથ નજીકથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ભરેલું ટેન્કર ઝડપી પાડીને મોટા ગજાના બુટલેગિંગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ટેન્કરમાં બનાવેલા 5 ગુપ્ત ખાનાઓમાંથી વિદેશી દારૂની કુલ 30,408 બોટલો જપ્ત કરી હરિયાણાના એક શખ્સની ધરપકડ કરી છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે વડોદરાથી વાસદ તરફ આવતા એક મરૂન ટેન્કરમાં ગેરકાયદેસર વિદેશી દારૂ લઈ જવામાં આવી રહ્યો છે. આથી, પોલીસે ખાનગી વાહનોની આડાશ કરી ટેન્કરને કોર્ડન કર્યું હતું. તપાસ દરમિયાન ટેન્કરના ઉપરના ભાગે બનાવેલા પાંચ અલગ-અલગ ખાનાઓ દારૂથી ખીચોખીચ ભરેલા જોવા મળ્યા હતા. પોલીસે કુલ 710 પેટી દારૂ (કિંમત 1,02,24,000) અને ટેન્કર સહિત કુલ 1.17 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ અંગે પકડાયેલા ટેન્કર ચાલક ઈજહાર હસન મુસલમાન (રહે. હરિયાણા)ની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ દારૂનો જથ્થો હરિયાણાના સાહિદ કમરૂ ખાને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરથી ભરી આપ્યો હતો. આ જથ્થો કચ્છના અંજાર ખાતે પહોંચાડવાનો હતો અને ત્યાં ફોન પર મળનારી સૂચના મુજબ ડિલિવરી કરવાની હતી. પોલીસે દારૂ ભરી આપનાર અને મંગાવનાર સહિતના શખ્સો વિરુદ્ધ વાસદ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લુણાવાડા નજીક ત્રિપલ અકસ્માતમાં યુવકનું મોત

**બેફામ ઝડપે આવતી** કારે ધડાકાભેર બાઇકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.17

લુણાવાડાથી મલેકપુર જતા માર્ગ પર કાર, બાઈક અને ઈકો ગાડી વચ્ચે સર્જાયેલા ભયાનક ત્રિપલ અકસ્માતમાં એક યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એકને ગંભીર ઈજાઓ પહોંચી છે.

લુણાવાડાના મલેકપુર રોડ તરફથી પૂરપાટ ઝડપે અને બેફિકરાઈથી ધસી આવતી સ્વીફ્ટ કાર (નં. જીજે 35 એએ 0756) ના ચાલકે સામેથી આવતી મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરને કારણે મોટરસાયકલ પાછળ આવતી ઈકો ગાડી સાથે અથડાઈ પડી હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો કે બાઈક પર સવાર બંને યુવકો રોડની સાઈડમાં ફંગોળાઈ ગયા હતા. આ ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક લુણાવાડા જનરલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન 30 વર્ષીય નારણભાઈ પ્રતાપભાઈ પેટલીયાનું કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત મનોજભાઈ ખુમાભાઈ બારીયાને વધુ સારવાર અર્થે મોડાસાની યુનિટી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા છે.આ સમગ્ર મામલે મૃતકના કાકા લાલાભાઈ દલાભાઈ પેટલીયાએ સ્વીફ્ટ કારના ચાલક વિરુદ્ધ લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ચરોતરમાં એપ્રિલથી ઘરયાદી ને મકાનોની ગણતરી શરૂ થશે

**વસ્તી ગણતરી** 2027નું માળખું તૈયાર, ફિલ્ડ ટ્રેનર્સની તાલીમનો પ્રારંભ

**પ્રથમ તબક્કામાં** ડિજિટલ એપ અને મેપના માધ્યમથી કામગીરી થશે




(પ્રતિનિધિ) નડિયાદ તા.17

આણંદ - ખેડા જિલ્લામાં વસ્તી ગણતરી 2027ની કામગીરીના સુચારુ અમલીકરણ માટે વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. નડિયાદમાં ખેડા કલેક્ટર અને પ્રમુખ જિલ્લા વસ્તી ગણતરી અધિકારી અમિત પ્રકાશ યાદવની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાના તમામ તાલુકાઓ અને નગરપાલિકા વિસ્તારના 70 ફિલ્ડ ટ્રેનર્સ જોડાયા હતા, જેઓ હવે પોતપોતાના વિસ્તારમાં ગણતરીદારો અને સુપરવાઇઝરોને માર્ગદર્શન પૂરું પાડશે. આ ઉપરાંત આણંદ ખાતે પણ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

આ સમગ્ર પ્રક્રિયાને બે મુખ્ય તબક્કામાં વહેંચવામાં આવી છે. જે અંતર્ગત આગામી 20મી એપ્રિલથી 19મી મે દરમિયાન પ્રથમ તબક્કામાં મુખ્યત્વે ઘરયાદી તૈયાર કરવાની અને મકાનોની ગણતરી કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. ત્યારબાદ, ફેબ્રુઆરી 2027થી બીજા તબક્કામાં વસ્તી ગણતરીની પ્રક્રિયા શરૂ થશે. આ વખતે પ્રથમવાર ડિજિટલ એપ્લિકેશન્સ અને ડિજિટલ મેપના માધ્યમથી કામગીરી કરવામાં આવનાર હોવાથી ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ જોવા મળશે.

આ પ્રક્રિયામાં રિયલ ટાઈમ મોનિટરિંગની વ્યવસ્થા સાથે નાગરિકો માટે ઓનલાઈન પોર્ટલનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. વહીવટી સજ્જતા ખેડા જિલ્લામાં આ મહત્વપૂર્ણ કાર્ય માટે કુલ 3793 ગણતરીદારો અને 647 સુપરવાઇઝરોની નિમણૂક કરવામાં આવી છે.

આ અંગે કલેક્ટરે તાલીમ દરમિયાન જણાવ્યું હતું કે, વસ્તી ગણતરી એ રાષ્ટ્રીય મહત્વનું કાર્ય હોવાથી તેમાં કોઈ ક્ષતિ ન રહી જાય તે જોવાની જવાબદારી ટ્રેનર્સની રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, નિવાસી અધિક કલેક્ટર જે.બી. દેસાઈ અને મહાનગરપાલિકા કમિશનર જી.એચ. સોલંકી સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે આયોજિત આ તાલીમમાં જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ તાલીમાર્થીઓ સાથે સંવાદ સાધી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ ગણતરીની ખાસિયત એ છે કે તે સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી કરવામાં આવશે.

આ વસ્તી ગણતરીની પ્રક્રિયાને વધુ ચોકસાઈભરી અને ઝડપી બનાવવા માટે આ વખતે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમમાં આણંદ જિલ્લાના 58 અને કરમસદ-આણંદ મહાનગરપાલિકાના 12 મળી કુલ 70 ફીલ્ડ ટ્રેનર્સ ભાગ લઈ રહ્યા છે. માસ્ટર ટ્રેનર તરીકે બોરસદના પ્રાંત અધિકારી અમિત પટેલ અને વહીવટી અધિકારી ઉર્વશી ગડરીયા સેવા આપી રહ્યા છે.

### કેવી રીતે થશે વસ્તી ગણતરી?

- ડિજિટલ એપ્લિકેશનનો ઉપયોગ: સમગ્ર પ્રક્રિયા CMMS (Census Monitoring and Management System) મોબાઈલ એપ્લિકેશન દ્વારા સંચાલિત થશે.
- સેલ્ફ એન્યુમેરેશન (સ્વ-ગણતરી): નાગરિકો પોતાની વિગતો જાતે ભરી શકે તે માટે 5મી એપ્રિલ, 2026થી 19મી મે,2026 સુધી ‘સેલ્ફ એન્યુમેરેશન પોર્ટલ’ કાર્યરત કરવામાં આવશે.
- મકાનોની ગણતરી : પ્રથમ તબક્કામાં 20મી એપ્રિલથી 19મી મે, 2026 દરમિયાન મકાનોની ગણતરી હાથ ધરાશે. આ કામગીરી માટે ગણતરીદારો દ્વારા ‘હાઉસ ટુ હાઉસ’ મુલાકાત લઈ મોબાઈલ એપ્લિકેશન દ્વારા જ વિગતો નોંધવામાં આવશે.

### તાલીમ અને વહીવટી માળખું

વહીવટી જવાબદારીની વાત કરીએ તો, કલેક્ટર મુખ્ય વસ્તી ગણતરી અધિકારી તરીકે અને મ્યુનિસિપલ કમિશ્નર મહાનગરપાલિકા વિસ્તાર માટે જવાબદારી સંભાળશે. તાલુકા સ્તરે મામલતદાર અને નગરપાલિકા સ્તરે ચીફ ઓફિસર ‘ચાર્જ ઓફિસર’ તરીકે કાર્ય કરશે, જેઓ ગણતરીદાર અને સુપરવાઈઝરની નિમણૂક તેમજ કામગીરીની દેખરેખ રાખશે. વહીવટી તંત્ર દ્વારા આ રાષ્ટ્રીય કાર્યમાં નાગરિકોના સહકારની અપેક્ષા રાખવામાં આવી છે.

# ઉમરેઠમાં પિકઅપ ડાલામાં બાઈક ઘુસી જતાં 1નું મોત

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.17

ઉમરેઠના લાલપુરા ચેકપોસ્ટથી અહિમા ગામ તરફ જતા રોડ પર પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ઓવરટેક કરવા જતાં એક મોટરસાયકલ પિકઅપ ડાલા સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક પર સવાર અન્ય બે વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉમરેઠના તાડીયાપુરા વિસ્તારમાં રહેતા આશીષકુમાર અમરસિંહ જાદવ પોતાની મોટરસાયકલ (નંબર GJ 06 QH 0866) પર અન્ય બે મિત્રો સાથે ત્રિપલ સવારીમાં લાલપુરા ચેકપોસ્ટથી અહિમા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન રોડ પર આગળ જઈ રહેલા એક ડમ્પરને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે આશીષકુમારે બાઈક પરનો કાબૂ ગુમાવ્યો હતો.

બેકાબૂ બનેલી મોટરસાયકલ સામેથી આવી રહેલા પિકઅપ ડાલા (નંબર GJ 06 BX 8660) ના ડ્રાઈવર સાઈડના દરવાજાના નીચેના ભાગે ધડાકાભેર ઘુસી ગઈ હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે પિકઅપ નીચે આવી જવાથી ચાલક આશીષકુમારનું સ્થળ પર જ મોત થયું હતું. આ અકસ્માતને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડ્યા હતા.આ મામલે પિકઅપ ચાલક ચંદ્રેશકુમાર ચૌહાણે અકસ્માત સર્જનાર મૃતક બાઈક ચાલક આશીષ જાદવ વિરુદ્ધ ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**કર્મચારીઓના પીએફ અને ગ્રેચ્યુઈટીમાં ગેરરીતિના આક્ષેપો સાથે આંદોલનની ચીમકી**

# નડિયાદ મનપામાં શ્રમ કાયદાના ઉલ્લંઘન મુદ્દે કોંગ્રેસે ખુલાસો માંગ્યો

**વર્ષ 2011થી થયેલા** ઓડિટમાં ગંભીર ક્ષતિઓ કેમ ન દેખાઈ તેવો પ્રશ્ન

(પ્રતિનિધિ) નડિયાદ તા.17

નડિયાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મહાનગરપાલિકા તંત્ર સામે કર્મચારીઓના હિત અને આર્થિક ગેરરીતિઓ મુદ્દે ગંભીર આક્ષેપો સાથે મ્યુનિસિપલ કમિશનર અને કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. પાલિકામાં વર્ષોથી કર્મચારીઓના પીએફ, બોનસ અને ગ્રેચ્યુઈટી જેવા પાયાના હક્કોમાં થતી બેદરકારી અંગે સત્તાધીશો પાસે સ્પષ્ટ જવાબ માંગવામાં આવ્યો છે.

નડિયાદ પાલિકામાં લાંબા સમયથી કર્મચારીઓને લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન અપાતું હોવાની અને બોનસની ચૂકવણીમાં અનિયમિતતા હોવાની ફરિયાદો ઉઠી છે. કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવ્યો છે કે ભારત સરકાર અને ગુજરાત સરકારના શ્રમ કાયદાઓનું પાલન કરાવવા માટે કયા અધિકારીઓ જવાબદાર છે? પ્રોવિડન્ટ ફંડની રકમ વર્ષો સુધી જમા ન કરાવાતા હવે જ્યારે આ રકમ ભરવાની થશે ત્યારે સંસ્થા અને કર્મચારી બંનેનો ભાગ પાલિકાએ ભોગવવો પડશે, જે તિજોરી પર મોટો આર્થિક બોજ નાખશે. આ નુકસાન માટે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.

વર્ષ 2011થી અત્યાર સુધી દર વર્ષે ઓડિટ કરવામાં આવતું હોવા છતાં ઓડિટ રિપોર્ટમાં આટલા ગંભીર મુદ્દાઓ કેમ દર્શાવવામાં આવ્યા નથી, તે અંગે પણ ખુલાસો માંગ્યો છે. વધુમાં, છેલ્લા 7 મહિનામાં મહાનગરપાલિકા બન્યા બાદ કયા કોન્ટ્રાક્ટરોને લાભ આપવામાં આવ્યો અને ત્યાં શ્રમ કાયદાનું પાલન થયું છે કે નહીં તેની તપાસની પણ માંગ કરાઈ છે. પીએફ વિભાગ દ્વારા મોડા પેમેન્ટ બદલ કેટલી પેનલ્ટી ભરાઈ છે અને જનતાના ટેક્સના પૈસા દંડમાં કેમ વપરાય છે તેની વિગતો પણ માંગવામાં આવી છે.

### ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી

નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટે જણાવ્યું હતું કે, આ મુદ્દાઓ 2025થી સતત ઉઠાવવામાં આવી રહ્યા છે. વર્ષ 2026 સુધીમાં લઘુત્તમ વેતન ઓછું ચૂકવવાના કેટલા કેસ પેન્ડિંગ છે, તેની વિગતો પણ પત્રમાં મંગાઈ છે. જો તંત્ર દ્વારા આ બાબતે તાત્કાલિક અને જાહેર ખુલાસો કરવામાં નહીં આવે તો આગામી સમયમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર જન આંદોલન અને લડત ચલાવવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# જમીનનો દાખલો ન આપતાં બેંક કર્મચારીને લાફો માર્યો

**વૈણજ ગામના** માથાભારે શખસે બેંકમાં ઘુસી જાનથી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.17

ખંભાતની ખેડા ડિસ્ટ્રીકટ કોઓપરેટીવ બેંકમાં ફરજ બજાવતા આસીસ્ટન્ટ ઈન્સપેકટરે નીતિનિયમો મુજબ દાખલો આપવાની ના પાડતા વૈણજ ગામના એક શખસે ઉશ્કેરાઈને તેમની પર હુમલો કર્યો હતો.

ખંભાત ત્રણ બત્તી પાસે આવેલી ખેડા ડિસ્ટ્રીકટ કોઓપરેટીવ બેંકમાં આસીસ્ટન્ટ ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતાં મૌલિકભાઈ અશોકભાઈ દરજી 16મી માર્ચના રોજ બપોરના વૈણજ ગામના સર્વે નં.535ની જમીન પર બેંક કે મંડળીનું કોઈ લેણું બાકી નથી તે પ્રકારના દાખલાની માંગણી સાથે એક છોકરો આવ્યો હતો. જોકે, 7/12ની નકલમાં તે જમીન ‘સરકારી પડતર’ હોવાનો ઉલ્લેખ હોવાથી મૌલિકભાઈએ નિયમ મુજબ દાખલો આપવાની મનાઈ કરી હતી.

બાદમાં વૈણજ ગામના તોગાભાઈ રૂખડભાઈ ભરવાડ બેંકમાં આવ્યા હતા અને તે જ દાખલાની જીદ કરી હતી. મૌલિકભાઈએ ફરીથી સમજાવ્યું કે સરકારી જમીન હોવાથી દાખલો ન મળી શકે, જેનાથી ઉશ્કેરાઈને તોગા ભરવાડ અપશબ્દ કહ્યાં હતાં. બાદાં ગુસ્સે ભરાઈને તેમને થપ્પડ મારી દીધી હતી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ ઘટના અંગે મૌલિકભાઈએ તોગા ભરવાડ વિરુદ્ધ ખંભાત સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# મુસ્લિમ કારીગરોએ લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પ્રતિકૃતિ કંડારી

**આણંદની બાંધણી** ચોકડી પર વડતાલધામ સર્કલ બનાવવામાં આવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદ - તારાપુર વચ્ચે આવેલી બાંધણી ચોકડી પર વડતાલ મંદિર દ્વારા વડતાલધામ સર્કલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સર્કલની મધ્યમાં વડતાલ મંદિરની પ્રતિકૃતિ બનાવી પવિત્રતાભર્યું વાતાવરણ સર્જવામાં આવ્યુ છે.

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે ‘વડતાલધામ સર્કલ’નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સર્કલ તેની સ્થાપત્યકલા અને વિવિધ પ્રદેશના કલાકારોના સંગમ તરીકે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ખાસ વાત એ છે કે, સ્થાપત્યની દ્રષ્ટિએ આ કલાત્મક મંદિરનું નિર્માણ કપડવંજના મુસ્લિમ કારીગરો દ્વારા કરવામાં આવ્યું છે. એક વર્ષની મહેનત અને આધુનિક નકશા આ સર્કલનું નિર્માણ કાર્ય એક વર્ષમાં પૂર્ણ



કરવામાં આવ્યું છે. આ સમગ્ર સ્થાપત્યના નકશાઓ ગોકુલધામ નાર દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા. 20 x 20 ફૂટની જગ્યામાં ફેલાયેલા આ સર્કલમાં 20 ફૂટ ઊંચું ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું છે, જે લક્ષ્મીનારાયણ દેવના મૂળ મંદિરની પ્રતિકૃતિ સમાન છે. આ મંદિરની સાથે સર્કલની ચારે તરફના ખૂણાઓ પર નવ ફૂટની ભવ્ય પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રતિમાઓ ઓરિસ્સાના કારીગરોએ ફાયબરનો ઉપયોગ કરીને અત્યંત બારીકાઈથી બનાવી છે. આ ઉપરાંત, સર્કલના બગીચામાં મોંઘા સાયકસના રોપા અને નયનરમ્ય પુષ્પોના છોડ રોપીને તેને સુશોભિત કરવામાં આવ્યું છે.

આ લોકાર્પણ પ્રસંગે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી અને રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અંતે આચાર્ય અને ઉપસ્થિત સંતો-મહંતો દ્વારા મંદિરની આરતી કરીને પ્રસાદ ગ્રહણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોહનપ્રસાદ દાસજી સ્વામી (ગોકુલધામ નાર), ડો.સંતવલ્લભ દાસજી સ્વામી (ચેરમેન) દેવપ્રકાશ દાસજી સ્વામી (મુખ્ય કોઠારી), નૌતમ પ્રકાશદાસજી સ્વામી, ગોવિંદપ્રસાદદાસજી (મેતપુરવાળા), શુકદેવપ્રસાદ દાસજી (ગોકુલધામ) ઉપરાંત બાંધણીના સરપંચ મહેશભાઈ સોલંકી હાજર રહ્યાં હતાં.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**